| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૦૨/૧૦/૨૦૨૦ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૬૭૭/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૧/૧૦/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૫૫૯ | ૬ | ૧૦૫૬૫ | ૧૬૬૬૦ | ૬ | ૧૬૬૬૬ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૧ | ૦ | ૪૩૪૧ | ૫૮૫૬ | ૦ | ૫૮૫૬ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૮ | ૦ | ૪૮ | ૨૧૯ | ૦ | ૨૧૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૬૩૮ | ૧૯ | ૧૪૬૫૭ | ૧૫૩૯૬ | ૧૯ | ૧૫૪૧૫ |
| | કુલ | ૨૯૫૮૬ | ૨૫ | ૨૯૬૧૧ | ૩૮૧૩૧ | ૨૫ | ૩૮૧૫૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૫ | ૧૨,૯૯,૦૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૭૮૫ | ૧૭,૮૫,૦૦૦/- |

# હથિયારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમબ્રાંચ :-**

## અમદાવાદ શહેર વિસ્તારમાંથી પેટ્રોલીંગ દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે ચાર ઈસમોને દેશી હાથ બનાવટની પિસ્ટલ નંગ– ૨ તથા દેશી બનાવટનો તમંચો નંગ– ૧ તથા કાર્ટીસ નંગ– ૨ સાથે ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચના સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ નાઓના સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એન.આર.બ્રહ્મભટ્ટ નાઓએ આપેલ માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેરમાં બનતા મિલ્કત સબંધી તેમજ શરીર સબંધી ગુન્હાઓ શોધી કાઢવા સારૂ સ્કોડના માણસોને સુચના કરેલ જે આધારે પો.સ.ઈ. શ્રી જે.ડી. બારોટ તથા કર્મચારીઓ ગઈ તા.૦૧/૧૦/૨૦૨૦ સાંજના સમયે અમદાવાદ શહેરમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અ.હે.કો. અનવરખાન પીરખાન તથા અ.પો.કો. કિશોરસિંહ ધર્મેન્દ્રસિંહનાઓને પોતાના ખાનગી બાતમીદારો મારફતે બાતમી હકીકત મળેલ કે “એક ઇસમ નામે જયરાજસિહ ડોડીયા તથા તેના ત્રણ મિત્રો પોતાના કબ્જામા ગેરકાયદેસરના હથિયારો રાખી કોફી કલરની હોન્ડા સિવીક કાર નં.GJ-01-KG-8027 માં બેસીને ફરે છે. જે હોન્ડા સીટી કાર લઈ રાજપથ કલબ તરફથી આવી અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન મહિલા ઉદ્યાન ગાર્ડન ગેટ નં.૧ થઈ આંબલી ગામ તરફ જવાના છે.”

જે બાતમી હકીકતવાળી જગ્યાએ વોચમાં હતા દરમ્યાન બાતમીમાં જણાવેલ હોન્ડા સિવીક કાર નં.GJ-01-KG-8027 ની આવતા કોર્ડન કરી તેમા બેસેલ ચાર ઈસમો મળી આવેલ જેઓના નામ (૧) જયરાજસિંહ મહેન્દ્રસિંહ ડોડીયા ઉ.વ.૨૬ રહે, બોપલ અમદાવાદ શહેર (૨) જયદીપસિહ જગતસિહ પરમાર ઉ.વ.૨૧ રહે, જુનાગઢ (૩) પરમજીતસીગ બલજીતસીગ ચીમા ઉ.વ.૨૭ રહે, મણીપુરગામ બોપલ અમદાવાદ શહેર (૪) દિપકસીગ જાલીમસીગ તોમર ઉ.વ.૨૫ રહે, નિકોલ અમદાવાદના હોવાના જણાઈ આવેલ, જેઓની અંગઝડતી તપાસ કરતા તેઓ પાસેથી વગર પાસપરમીટના ગેરકાયદેસરના (૧) દેશી પિસ્ટલ નંગ-૨ કિ.રૂ.૩૦,૦૦૦/-(૨) દેશી તમંચો નંગ– ૧ કિ.રૂ.૫૦૦૦/- (૩) નાની સાઈઝના કારતુસ નંગ -૨ કિ.રૂ.૧૦૦/- (૪) મોબાઈલ નંગ ૩ મળી કિ.રૂ. ૧૭,૦૦૦/- (૫) અંગઝડતીમાંથી મળી રોકડા રૂપિયા ૮૩૦/-(૬) હોન્ડા સિવીક કાર નં. GJ-01-KG-8027 કિ.રૂ. ૧,૫૦,૦૦૦/- મળી કુલ કિ.રૂ. ૨,૦૨,૯૩૦/- નો મુદ્દામાલ મળી આવેલ.

જે આધારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ડી.સી.બી. પોલીસ સ્ટેશન પાર્ટ બી ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૧૨૦૦૧૪૨ ધી આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧-બી)(એ),૨૯ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબનો ગુન્હો રજીસ્ટર કરવામાં આવેલ છે.

આ કામે પકડાયેલ ઈસમોની પુછપરછ કરતા આ મળી આવેલ હથિયારો તેઓ મધ્યપ્રદેશના ભીંડ ખાતેથી આજથી આશરે અઢિ માસ પહેલા ખરીદી લાવેલ છે. અને જે હથિયારો પોતાના આર્થિક ફાયદા તેમજ મોજ શોખ મારે સાથે રાખેલ હોવાની હકીકત જણાવે છે. જે આરોપીઓની હાલ ઉંડાણપુર્વક પુછપરછ ચાલુ છે, અને આગળની વધુ તપાસ પો.સ.ઈ. શ્રી જે.ડી.બારોટનાઓ ચલાવી રહેલ છે.

## આરોપીઓનો પૂર્વ ઇતિહાસ:-

આ કામે પકડાયેલ ઈસમો પૈકી દિપકસીગ જાલીમસીગ તોમરનાનો અગાઉ દોઢ વર્ષ પહેલા ગુજરાત યુનિ. પોલીસ સ્ટેશનમાં મારા મારીના ગુન્હામાં પકડાયેલ છે.



# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## ચાંદખેડા પોલીસ સ્ટેશન :-

## નંદાસણ પોલીસ સ્ટેશન પ્રોહી.ગુ.ર.નં-૧૪૮/૨૦૨૦(પાર્ટ-સી ૧૧૨૦૬૦૫૦૨૦૦૭૩૩) ના ગુનાના નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ચાંદખેડા પોલીસ

મે,પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-01, અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-02, અમદાવાદ શહેર તથા મ.પો.કમિશ્નર શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી આર.એલ.ખરાડી ચાંદખેડા પોલીસ સ્ટેશન નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ. શ્રી કે.એચ.ચૌધરી તથા સાથેના સ્ટાફના અ.હે.કો. દિનેશકુમાર ધનજીભાઇ બ.નં-૩૪૫૦ તથા અ.હે.કો. હિરેનકુમાર ભરતભાઇ બ.નં-૪૫૨૫ તથા અ.પો.કો. અમૃતજી કાંતિજી બ.નં.-૯૦૨૫ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના અ.પો.કો. અમૃતજી કાંતિજી બ.નં.-૯૦૨૫ નાઓની બાતમી હકિકત આધારે નંદાસણ પોલિસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.૧૪૮/૨૦૨૦ (પાર્ટ-સી ૧૧૨૦૬૦૫૦૨૦૦૭૩૩) ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ),૧૧૬(બી),૯૮(૨) મુજબના કામે નાસતા ફરતા આરોપી નામે આશિષ સ/ઓ બાબુભાઇ જાતે-પ્રજાપતિ ઉ.વ.૨૮ રહે-આઇ/૮૦૫, વૃન્દાવન ગોદરેજ ગાર્ડન સીટી જગતપુર અમદાવાદ શહેર નાને તા.૦૧/૧૦/૨૦૨૦ ના કલાક. ૧૮/૩૦ વાગ્યે સી.આર.પી.સી. કલમ.41(1)(આઇ) મુજબ પકડી અટક કરવામા આવેલ છે જે બાબતે આરોપી નંદાસણ પોલીસ સ્ટેશન ખાતે સોંપવા તજવીજ કરેલ છે. તા.૦૧/૧૦/૨૦૨૦

# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**સરખેજ પોલીસ સ્ટેશન :-**

**જાહેરમાં બોમ્બે વરલી મટકાનો આંક ફરકનો સટ્ટા બેટીંગનો પૈસાની હારજીતનો જુગાર રમી-રમાડતા આરોપીઓને કુલ્લે રૂ.૪૫,૬૫૦/- ના મુદામાલ સાથે પકડી પાડતી સરખેજ પોલીસ**

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ આર.વી અસારી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી પ્રેમ સુખ ડેલૂ સાહેબ ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,વી.જી.પટેલ સાહેબ "એમ" ડિવીઝનનાઓની સુચના તથા માર્ગદર્શન તથા સરખેજ પોલીસ સ્ટેશન પોલીસ ઇન્સપેક્ટર બી.બી.ગોયલ સાહેબ નાઓનાં સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચોરી છુપીથી ગેર કાયદેસર બોમ્બે વરલી મટકાનો આંક ફરકનો સટ્ટા બેટીંગનો પૈસાની હારજીતનો જુગાર રમી રમાડતા હોય જેના પર વોચ રાખી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રમાતા જુગાર જેવી બદીને નેસ્ત નાબુદ કરવા સારૂ તેમજ મળી આવ્યેથી કાયદેસરની કાર્યવાહિ કરવા મળેલ સુચના તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોડનાં પો.સ.ઇન્સ.સી.એન.પરમાર તથા અ.હેડ.કોન્સ રાજેશભાઈ પ્રવિણભાઈ બ.નં.૮૪૭૪ તથા અ.લો.ર.જયરાજદાન કીરીટદાન બ.ન.-૧૩૦૨૯ તથા અ.લોકરક્ષક ઇરફાન કાસમભાઇ બ.ન-૮૮૭૪ તથા અ.લોકરક્ષક મયુરધ્વજસિંહ ભગીરથસિંહ બ.ન-૧૧૪૮ તથા અ.લો.ર. ધરમેન્દ્રસિહ નારણભાઇ બ.નં-૩૧૮૦ તથા અ.પો.કો. હરીસંગભાઇ સુરતસંગ બ.ન.-૧૦૦૮૨ તથા અ.લો.ર.હીતેશભાઇ નારણભાઇ બ.ન-૧૨૨૮૯ તથા અ.લો.ર.દિલીપભાઇ ભાનુભાઇ બ.નં-૦૯૩૨ તથા અ.લો.ર.વિરભદ્રસિંહ ખુમાનસિંહ બ.ન.-૪૭૬ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ખાનગી બાતમી હકીકત આધારે મોજે અમદાવાદ સરખેજ શેર અલીબાવાની દરગાહ પાછળના ભાગે આવેલ ખાડામાં જાહેરમાં ખુલ્લી જગ્યામાં ગેર કાયદેસર રીતે ભેગા થઇ બોમ્બે વરલી મટકાનો આંક ફરકનો સટ્ટા બેટીંગનો પૈસાની હારજીતનો જુગાર રમી રમાડી જુગારના સાધનો તથા રોકડા નાણા રૂપીયા ૧૦,૨૫૦/- તથા મોબાઇલ ફોન નંગ-૩ જેની કિં.રૂ-૩૫,૪૦૦/- મળી કુલ્લે રૂ.૪૫,૬૫૦/-ના મુદ્દામાલ સાથે મળી આવતા આરોપીઓને તા.૦૧/૧૦/૨૦૨૦ ના કલાક ૧૬/૩૫ વાગે પકડી કાયદેસર કાર્યવાહી કરી ધી જુગાર ધારા કલમ ૧૨ મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

કબ્જે કરેલ મુદ્દામાલ-

(૧)અંગઝડતીના નાણા રૂપિયા ૧૦,૨૫૦/-

(૨)ગંજીપાના નંગ-૧૦૪ જેની કિં,રૂ-૦૦/૦૦

(૩)મોબાઇલ નંગ-૦૩ જેની કિં.રૂ-૩૫,૪૦૦/-

મળી તમામ મુદામાલની કુલ રૂપિયા ૪૫,૬૫૦/-મતાનો મુદામાલ.

પકડાયેલ આરોપીઓ:-

(૧) મો.ઇકબાલભાઇ સન/ઓફ ફૈઝમોહમદ બાપુભાઇ શેખ ઉ.વ.૫૫ રહે.મ.ન-૨૦,મુસ્કાન ડુપ્લેક્ષ,રજ્જાક મસ્જીદની બાજુમાં,ફતેવાડી સરખેજ અમદાવાદ શહેર

(૨) જુબેરભાઈ સ/ઓ મજાદભાઈ પઠાણ ઉ.વ.૫૮ રહે,મકાન નં.૧૯/ સાબીરા રો-હાઉસ ફતેવાડી મસ્તાન મસ્જીદની બાજુમાં ફતેવાડી

(૩) મોહંમદ સાહિલ ઉર્ફે લાલો સન/ઓફ ફારૂકભાઇ કુરેશી ઉ.વ.૩૩ રહે,મકાન નં.૧ તલાવડી શેરઅલીબાવાની દરગાહની બાજુમા અમદાવાદ શહેર



# <u>પાસા અટકાયતીની વિગત</u>

## <u>સરદારનગર પોલીસ સ્ટેશન :-</u>

### <u>મિલકત સબંધી ગુન્હાઓ કરેલ આરોપીની પાસા અટકાયત કરતી સરદારનગર પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર – ૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન- ૪ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી 'જી' ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ મિલકત સબંધી ગુનાઓ થતા અટકાવવા કાર્યવાહી કરવા સુચના કરેલ હોય તે અનુસંધાને સરદારનગર પોલીસ સ્ટેશન તથા એરપોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમા મિલકત સબંધી ગુનાઓ કરેલ આરોપી વિરૂધ્ધ સીની.પો.ઇંસ. એચ.બી.પટેલ નાઓના માર્ગદર્શન હેઠળ પાસા અટકાયતની નીચે મુજબની કામગીરી કરવામા આવેલ છે. તા-૦૧/૧૦/૨૦૨૦

<u>આરોપી ની વિગત –</u>

(૧) કૈલાસભાઇ ઉર્ફે કેલીયો સ/ઓફ પ્રેમાભાઇ રાઠોડ (મારવાડી) ઉ.વ.૨૪ રહે- વાલ્મીકી આવાસ નોબલનગર સરદારનગર અમદાવાદ શહેર તથા કોતરપુર જોગણીમાતાના મંદીરની પાછળ કાચા છાપરા સરદારનગર અમદાવાદ શહેર તથા મુળ વતન- ગામ-બાકરા તા-સાયલા જીલ્લો-ઝાલોર રાજસ્થાન નાને પકડી અટક કરી મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક :પીસીબી/ડીટીએન/પાસા/૯૭૨/૨૦૨૦ તા-30/0૯/૨૦૨૦ આધારે સદરી આરોપીને તા-૦૧/૧૦/૨૦૨૦ ના કલાક -૧૬/00 વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે પાસા તળે અટકાયતમા મોકલી આપેલ છે.

<u>આરોપીનો ફોટો-</u>

કૈલાસભાઇ ઉર્ફે કેલીયો સ/ઓફ પ્રેમાભાઇ રાઠોડ (મારવાડી)



## નરોડા પોલીસ સ્ટેશન :-

## ચોરીના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ (૧) નરોડા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૬૯/૨૦૧૯ ઇ.પી.કો.કલમ ૩૭૯ ૩૫૬ ૧૧૪ મુજબ તથા (૨) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૦૨૩૧૦/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩) ૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ જે આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૯૭૬/૨૦૨૦ તા-૦૧/૧૦/૨૦૨૦ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૦૧/૧૦/૨૦૨૦ ના કલાક ૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા-૦૧/૧૦/૨૦૨૦

### કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

પી.આઇ.પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો. ખુમાનસિંહ નાનુભા બ.નં.૬૧૦૮ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં.૮૩૩૭ તથા પો.કો.કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા અ.લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭

### આરોપીનુ નામ -

"હંસરાજસિંહ સ/ઓ સુખદેવસિંહ ઇન્દ્રસિંહ સોલંકી ઉ.વ.૨૯ રહે:સોમનાથનગર સોસાયટી, દરબારનુ મકાન, ઉમિયાનગરની સામે, નાના ચિલોડા, અમદાવાદ મુળવતન-ગામ-બાહી તા-શહેરા જી-પંચમહાલ



## શાહીબાગ પોલીસ સ્ટેશન :-

## શરીર સંબંધી તથા મિલકત સંબંધી ત્રણ પાસા અટકાયતોની ધરપકડ કરતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,' એફ 'ડીવીઝન, અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં શરીર સંબંધી તથા મિલકત સબંધી બનાવો અટકાવવા તથા આવા બનાવોમા પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ શ્રી એ.કે.પટેલ નાઓએ પો.સ્ટે.વિસ્તારમાં શરીર સંબંધી તથા મિકલત સંબંધી ગુનાઓ કરતા ઈસમો અશ્વીનભાઈ જયંતીભાઈ બબાભાઈ પટણી ઉ.વ.૧૯ રહે:સોમા કુંભારની ચાલી રાજુભાઈ પટણીના મકાનમાં ચંદનગર અસારવા અમદાવાદ શહેર તથા સુચિત ઉર્ફે સન્ની સ/ઓ બીપીનચંદ્ર જાતે:શર્મા ઉ.વ.૩૩ રહે:પારસીની ચાલી મોહન સિનેમા પાસે અસારવા શાહીબાગ અમદાવાદ શહેર તથા આકાશ કુંડલીક દેવરામ કઠાણે (મરાઠી) ઉ.વ.૨૦ રહે:૨ ભીખાભાઈ મરાઠાની ચાલી પંજાબ સોસાયટી પાસે ચમનપુરા અમદાવાદ શહેર નાઓ વિરુદ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીઓને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમ આધારે પાસા હુકમની બજવણી કરી સદરી આરોપીઓના નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી જરૂરી જાપ્તા સાથે આરોપી નં.(૧) (૨) નાને મધ્યસ્થ જેલ રાજકોટ તથા (૩) ને ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવામાં આવેલ છે .

કામગીરી કરનાર અધિકારી:કર્મચારી/

(૧) પો.સ.ઈન્સ એસ. એ. દેસાઈ તથા સર્વલન્સ ટીમના માણસો

(૨) ASI વિરેન્દ્રસિંહ મકુભા બ.નં.૭૬૯૮

(૩) WLRD નિલમબેન નાથાભાઈ બ.નં.૭૨૪

(૪) pc કુલદીપસિંહ ઘનશ્યામસિંહ બ.નં.૫૧૧૧

આરોપીઓના નામ :

(૧) અશ્વીનભાઈ જયંતીભાઈ બબાભાઈ પટણી ઉ.વ.૧૯ રહે:સોમા કુંભારની ચાલી રાજુભાઈ પટણીના મકાનમાં ચંદનગર અસારવા અમદાવાદ શહેર

(૨) સુચિત ઉર્ફે સન્ની સ/ઓ બીપીનચંદ્ર જાતે:શર્મા ઉ.વ.૩૩ રહે:પારસીની ચાલી મોહન સિનેમા પાસે અસારવા શાહીબાગ અમદાવાદ શહેર

(૩) આકાશ કુંડલીક દેવરામ કઠાણે (મરાઠી) ઉ.વ.૨૦ રહે:૨ ભીખાભાઈ મરાઠાની ચાલી પંજાબ સોસાયટી પાસે ચમનપુરા અમદાવાદ શહેર

## કાગડાપીઠ પોલીસ સ્ટેશન :-

## મિલકત સબંધી ૧(એક) તથા પ્રોહીબીશન સબંધી ૧(એક) આરોપીની પાસા અટકાયતી તરીકે ધડપકડ કરતી કાગડાપીઠ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી તથા અધીક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબની સુચના આધારે તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીજન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી એમ.એ.સિંહ નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ કાગડાપીઠ પોલીસ સ્ટેશન તેમજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ મિલકત સબંધી ગુનાઓમા ૧(એક) આરોપી વિરૂધ્ધ તથા કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ પ્રોહીબીશન સબંધી ગુનાઓમા ૧(એક) આરોપી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય, સદરી આરોપીઓને પોસ્ટે ખાતે લાવી પાસા અટકાયત કરી નીચે મુજબની પાસા હુકમની બજવણી કરેલ છે.

અત્રેના (૧) સાબરમતી પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૯૨૦૦૧૧૨/૨૦૨૦ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબ તથા (૨) કાગડાપીઠ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૫૨૦૧૧૪૭/૨૦૨૦ ધી ઇપીકો કલમ ૩૯૨, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના મિલકત સબંધી ગુનામાં આરોપી નામે સાજીદ ઉર્ફે મોડલ અનવરહુસેન શેખ, ઉ.વ.૨૪, ધંધો-છુટક મજુરી, રહે, બ્લોક નં.૩૩, ઘર નં.૧૦૪૫, ગજેન્દ્ર ગડકરીનગર, ચાર માળીયા, દુર્ગા સોસાયટીની બાજુમા, વટવા, અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધ પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રીનાઓ સમક્ષ સાદર કરતા તેઓશ્રી સાહેબે તેઓની કચેરીના ક્રમાંક/PCB/DTN/પાસા/૯૭૫/૨૦૨૦ તા.૦૧/૧૦/૨૦૨૦ અન્વયે સદરી પાસા અટકાયતીને "રાજકોટ" જેલ મોકલી આપવા હુકમ કરેલ. જે હુકમ આધારે મજકુર પાસા અટકાયતીની નામદાર કોર્ટની ગાઇડલાઇન મુજબ કોવિડ-૧૯ ની સારવાર કરાવી રીપોટ નેગેટીવ આવતા સદરી પાસા અટકાયતીને આજરોજ તા.૦૧/૧૦/૨૦૨૦ ના કલાક ૨૧/૩૦ વાગ્યા દરમ્યાન તથા (૨) કાગડાપીઠ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૫૨૦૧૨૦૩/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(ઇ) ૧૧૬(બી) મુજબના પ્રોહીબીશન સબંધી ગુનામાં આરોપીબેન નામે રેખાબેન વા/ઓફ આશીષભાઇ જાતે-શાહ ઉ.વ-૩૯ રહે-બ્લોક નં-૩/૨૧૨ શિવાલય એપાર્ટમેન્ટ સુમેળ-૩ ની પાછળ કાંકરીયા રોડ અમદાવાદ શહેરનાઓ વિરૂધ્ધ પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રીનાઓ સમક્ષ સાદર કરતા તેઓશ્રી સાહેબે તેઓની કચેરીના ક્રમાંક/PCB/DTN/પાસા/૯૮૧/૨૦૨૦ તા.૦૧/૧૦/૨૦૨૦ અન્વયે સદરી પાસા અટકાયતીને "રાજકોટ" જેલ મોકલી આપવા હુકમ કરેલ. જે હુકમ આધારે પાસા અટકાયતીની નામદાર કોર્ટની ગાઇડલાઇન મુજબ કોવિડ-૧૯ ની સારવાર કરાવી રીપોટ નેગેટીવ આવતા પાસા અટકાયતીને આજરોજ તા.૦૧/૧૦/૨૦૨૦ ના કલાક ૧૭/૦૦ વાગ્યા દરમ્યાન પાસા હુકમની બજવણી કરી સદરી બન્ને આરોપીઓને "રાજકોટ" જેલ ખાતે પાસા અટકાયતી તરીકે રહેવા સારુ જરૂરી પોલીસ જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે.

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૭૮/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૩૦૩ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૯૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૭૯/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૧૬૮૦/૨૦૨૦**

**સોલા હાઇકોર્ટ** : શીવાનીબેન મંજીત જગતારસિંહ મલ્હોત્રા (રહે.કુબેર રેસીડેન્સી, હોનેસ્ટ રેસ્ટોરન્ટની બાજુમા, સાયન્સ સીટી, ભાડજ) એ તા.૦૧/૧૦/૨૦૨૦ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૧૨/૨૦૧૯ સાંજના ૭/૫૩ વાગ્યાના સુમારે સાયન્સ સીટી ખાતે આવેલ બેન્ક ઓફ બરોડા બ્રાન્ચના શીવાનીબેનના બચત ખાતા માંથી કોઇ અજાણી વ્યક્તિએ યુક્તિપ્રયુક્તિ વાપરી રૂપિયા ૨૫,૦૦૦/- ના કુલ ત્રણ ટ્રાન્જેક્શન દ્રારા કુલ રૂપિયા ૭૫,૦૦૦/- ટ્રાન્સફર કરી લઇ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ. શ્રી જે.વી.રાઠોડ ચલાવે છે.

**નવરંગપુરા** : પરેશભાઈ ધનસુખરાય રાવલ (ઉ.વ.૫૬)(રહે.માહેર હોમ્સ, શૈલા, અમદાવાદ) એ તા.૦૧/૧૦/૨૦૨૦ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૬/૨૦૨૦ નારોજ નવરંગપુરા અંજની કુરીયર ખાતેથી “એમ.ડી.અબુઝર” નામની વ્યક્તિ(જેના સરનામાની ખબર નથી તે) પરેશભાઇની કંપનીના આઇ.ડી.બી.આઇ બેંક ખાતાના ચેક.નંબર-૫૫૬૬૪૧ મા ભરેલ રકમ રૂપિયા ૧૭૭૦/- માં કોઇપણ પ્રકારે છેડછાડ કરી તે ચેક રૂપિયા ૪,૬૧,૭૭૦/- નો બનાવી બદદાનતથી એમ.ડી.અબુઝરના ખાતામાં ટ્રાન્સફર કરી લઇ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એમ.પરમાર ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૮૧/૨૦૨૦</u>**

**સરખેજ** : ભાવીનભાઇ ધીરૂભાઇ પટેલ (ઉ.વ.30)(રહે, કૈલાસ સદન પ્લોટ નંબર-૨૭, સેકટર-૧૭ નવી મુંબઇ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.30/0૯/૨૦૨૦ સાંજના ૬/30 થી તા.0૧/૧૦/૨૦૨૦ ના કલાક ૯/30 વાગ્યા દરમ્યાન મુંબઇ થી પટેલ ટ્રાવેલ્સ લકઝરી બસ નંબર GJ-38-T-9899 મા બેસી રાજકોટ આવવા માટે નિકળેલા તે મુસાફરી દરમ્યાન સરખેજ ઉજલા સર્કલ નજીક ભાવીનભાઇ બસમા સુતા હતા ત્યારે તેમની પાસે મુકેલ બેગ કે જેમાં સોનાના દાગીના તથા રોકડ મળી કુલ રૂપિયા ૮0,000/- ની મતા મુકેલ હતી તે બેગ કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.આસનાણી ચલાવે છે.

**<u>બીજા માળથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૮૨/૨૦૨૦</u>**

**વટવા** : કાળુભાઇ વાલસીંગભાઇ હઠીલા (ઉ.વ.૪૫)(રહે.વટવા ગામ કુટીલ વિદ્યાલય પાસે, ચાની કીટીલ પાસે, વટવા) તા.0૧/૧૦/૨૦૨૦ બપોરના 3/00 વાગ્યાના સુમારે વટવા હરીરાજ સોસાયટી આવેલ મકાન નંબર-૧૮ ખાતે બીજા માળે સેંટીંગનું કામ કરતા બીમના પાટીયા મારતી વખતે તેમનો પગ લપસતા બીજા માળેથી નીચે પડી જતા, માથાના ભાગે ગંભીર ઇજા થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઇ જતા, સાંજના ૪/00 વાગે ફરજ પરના ડોક્ટર શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મુકેશકુમાર મણીલાલ ચલાવે છે.

**<u>કરંટ લાગતા મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૮3/૨૦૨૦</u>**

**ઘાટલોડીયા** : મેમનગર ભગીરથ સોસાયટી મકાન નંબર-30 ખાતે રહેતા અને ત્યાંજ કામ કરતા રમેશચન્દ્ર કાંતિલાલ કલાસુઆ(ઉ.વ.૧૯)(મુળ રહે. ગામ-કાડાપાડા તા.ઘાટોલ જિ.બાસવાડા રાજસ્થાન) તા.0૧/૧૦/૨૦૨૦ ના કલાક ૧૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના કામના સ્થળે પાણીની મોટર ચાલુ કરવા જતા વીજ કરંટ લાગતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કમલેશભાઇ કાળાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી